જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૧/૨૦૨૧ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૭૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૩૮ | ૫ | ૧૧૧૪૩ | ૧૭૨૬૮ | ૬ | ૧૭૨૭૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૯૯ | ૨ | ૪૭૦૧ | ૬૨૨૨ | ૨ | ૬૨૨૪ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૩ | ૦ | ૬૩ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૭૧૯૨ | ૨૫૦ | ૨૭૪૪૨ | ૨૮૩૮૭ | ૨૨૯ | ૨૮૬૧૬ |
| | કુલ | ૪૩૦૯૨ | ૨૫૭ | ૪૩૩૪૯ | ૫૨૧૩૭ | ૨૩૭ | ૫૨૩૭૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૧ | ૧૬,૬૨,૫૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૩૪૫ | ૩૩,૪૫,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૩૯ લીટર દેશી દારૂ, ૧૯૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૧૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ, ૦૧ સ્કુટર અને ટાટા ગાડી કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૯/૨૦૨૧**

**સાયબર ક્રાઇમ** : રાકેશભાઇ ભુપેન્દ્રભાઇ પ્રજાપતિ (ઉ.વ.૪૩)(રહે.સિમંદર રેસીડેન્સી યુટોપિયા સ્કુલ ની બાજુમાં, ગુલાબ ટાવર રોડ થલતેજ) એ તા.૧૧/૧/૨૦૨૧ નારોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૩/૨૦૧૯ સાંજના ૫/૨૫ થી તા.૦૪/૦૪/૧૯ દરમ્યાન નિકોલ એસ.પી.રીંગ રોડ વિશાલા સુપ્રિમ ટોરેંટ પાવર સામે આવેલ રાકેશભાઇની ઓફીસ નંબર ૪૩૦ ખાતે તથા ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી મોબાઇલ નંબર ૭૫૬૬૫૫૩૫૯૮ ના ધારકે "એસ.બી.આઇ ક્રેડીટ કાર્ડ ડીપાર્ટમેંટ માંથી બોલુ છુ" તેમ કહી રાકેશભાઇને વિશ્વાસમાં લઇ રાકેશભાઇ પાસેથી તેમના કાર્ડ ની ડીટેલ્સ મેળવી, કે.વાય.સી.માં ફેરફાર કરાવી, રાકેશભાઇની જાણ બહાર તેમના એસ.બી.આઇ ક્રેડીટ કાર્ડ થી કુલ રૂપિયા ૪,૨૪,૯૦૦/- ની ખરીદી કરી, રાકેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.યુ.પરેવા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૦/૨૦૨૧**

**વટવા** : સુંદરરાજ નારાયણ આદીદ્રવીડ (ઉ.વ.૨૯)(રહે.ઓમ ગાયત્રીપાર્ક સાગર ટેનામેન્ટ પાસે બચુભાઇનો કુવો વટવા) એ તા.૧૧/૧/૨૦૨૧ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૧/૨૦૨૧ સવારના ૧૦/૪૫ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૮૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૮૧/૨૦૨૧

**કૃષ્ણનગર** : ભાવનાબેન વા/ઓ મુકેશભાઈ કાસોદરીયા (ઉ.વ.૩૭)(રહે.સત્યનારાયણ સોસાયટી ઠક્કરનગર કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૧/૨૦૨૧ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે શીવાજી ચોક થી વેરો ક્રોસ કરી કેનાલના રોડ ઉપર ભાવનાબેનની દિકરી રીધ્ધી ચાલતા પસાર થતી હતી દરમ્યાન એક એકટીવા ઉપર આવેલ અજાણ્યો પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનો) એ ભાવનાબેનની દિકરી રીધ્ધીના ગળામાં પહરેલ સોનાની પેડલ સહીતની ચેઈન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ધીરજકુમાર મંગળભાઇ ચલાવે છે.

**સરદારનગર** : જ્યોતિબેન વા/ઓ અતુલભાઈ ડાભી (ઉ.વ.૫૨)(રહે.ભાગ્યોદય સોસાયટી વિભાગ-૦૧ સંતોષીનગરની બાજુમા, કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૧/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે કેતન સોસાયટી ના દરવાજા નજીક એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષએ ભેગામળી  જ્યોતીબેનના ગળામાં પહરેલ સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલિયા ચલાવે છે.

## વાહનચોરી :- સમાચાર યાદી નં.૮૨/૨૦૨૧

**આનંદનગર** : વિજયસિંહ રાજેન્દ્રસિંહ પુવાર (ઉ.વ.૪૩)(રહે.ફાયરબ્રીગેડ સ્ટાફ કોટર્સ, કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર, આનંદનગર)એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૧/૨૦૨૧ સાંજના ૬/૪૫ થી તા.૧૧/૦૧/૨૧ ના કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન આનંદનગર, પ્રહલાદનગર, કોર્પોરેટ રોડ પાસે આવેલ ફાયરબ્રીગેડના પાર્કીગમાં પાર્ક કરેલ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ટાટા કંપનીની શબવાહીની આર.ટી.ઓ નંબર જીજે.૦૧.જી.એ.૨૧૬૯ કિંમત રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- કોઇ અજાણી વ્યક્તિ સ્ટેરીંગમા ભરાવેલ ચાવીથી શબવાહીની ચાલુ કરી ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌહાણ ચલાવે છે.

**<u>બીજા માળેથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૩/૨૦૨૧</u>**

**સાબરમતી** : મુકેશ હકરા આમલીયા (ઉ.વ.૨૬)(રહે."આર્યન એપરલ" નવી બનતી સાઇડ આકૃતી ફ્લેટની પાસે ત્રાગડ ગામ. મુળ વતન ગામ– ગજપુર, પોસ્ટ– પોહરી, ખાતુરાત, જી– ડુંગરપુર રાજસ્થાન) તા.૧૦/૦૧/૨૦૨૧ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ત્રાગડ ગામ ખાતે બનતી "આર્યન એપરલ" નામની સાઇટ ઉપર મજુરીકામ કરતા હતા દરમ્યાન 'એ' બ્લોક્ના બીજા માળેથી કામ કરતા-કરતા અચાનક પગ લપસતા લીફ્ટના બનાવેલ બોક્સમાં પડી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે લાવતા તા.૧૧/૦૧/૨૦૨૧ નારોજ સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાંતીલાલ ખાતરાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી